ક્રમાંક/માધ્ય/પરચ/૨૦૧૯/૨૨૦૨૮-૩૨
કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડો. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા૦૨/૦૮/૨૦૧૯

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી,
તમામ

**વિષય :** પ્રજાપતિ બ્રહ્માકુમારી ઇશ્વરીય વિશ્વ વિદ્યાલય તરફથી રક્ષાબંધન પર્વની ઉજવણી કરવા બાબત

**સંદર્ભ :** ક્રમાંકઃપરચ-૧૨૨૦૧૯/૪૫૦/વ.ર, શિક્ષણ વિભાગ, સચિવાલય, તા.૨૨/૦૭/૧૯

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ દર્શીત પત્ર અન્વયે જણાવવાનું કે, પવિત્ર શ્રાવણ માસમાં પ્રજાપતિ બ્રહ્માકુમારી ઇશ્વરીય વિશ્વ વિદ્યાલય તરફથી રક્ષાબંધન પર્વની ઉજવણી ઘણાં વર્ષોથી કરવામાં આવે છે. દર વખતની જેમ આ વર્ષે પણ ગુજરાતની તમામ શાળાઓ, કૉલેજો, ટેકનિકલ કૉલેજો/સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ, શિક્ષક ભાઇ-બહેનો સરકારી-બિનસરકારી કચેરીઓ, હૉસ્પિટલો, જેલો, વિભિન્ન સામાજીક સંસ્થાઓમાં વ્યક્તિગત સંપર્કથી વર્કશોપ સેમીનાર દ્વારા તથા પવિત્ર રાખડી બાંધી સંકલ્પ પત્રો ભરાવવાની નિઃસ્વાર્થ અને નિઃશુલ્ક ઇશ્વરીય સેવા કરી રહેલ છે.

આ સેવા કાર્યમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરી સદ્ભાવના, બંધુત્વભાવના, સ્વરક્ષા-સુરક્ષા જેવા દૃઢ સંકલ્પો રૂપી પ્રતીજ્ઞા કરાવી પર્વની ઉજવણી આપશ્રીની તાબા હેઠળની શાળાઓમાં થાય તે બાબતે નિયમાનુસારની કાર્યવાહી કરવા વિનંતી છે.

ક્રમાંક/૧૭૦૭૯.
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ-૦૬-૦૮-૨૦૧૯.

-નકલ રવાના જાણ તથા અમલ સારું.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ, નોનગ્રાન્ટેડ મા.
અને ઉ.મા. શાળાઓ તમામ.

પ્રજાપિતા
બ્રહ્માકુમારી
ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય

મોબાઈલ : +૯૧ ૯૯૭૯૮ ૬૬૭૭૭
ફોન : ૦૭૯-૨૩૨ ૫૧૧૪૨, ૪૩
ઈ-મેઈલ : kailashdidi@gmail.com
વેબસાઈટ : www.gandhinagar.bk.ooo

"શિવ શક્તિ ભવન" ૭૫૧, ઈન્કવાયરી ઓફિસ પાસે, સેકટર-૨૮, ગાંધીનગર-૩૮૨ ૦૨૮.

જા. ક્ર. ........
શાખા ઓમશાંતિ ........
PS
17 JUL 2019
3969?24

તારીખ : તા.૧૫.૦૭.૨૦૧૯

પ્રતિ,
શ્રીમતી અંજુ શર્મા (IAS)
અગ્ર સચિવશ્રી
ઉચ્ચ શિક્ષણ, ટેકનીકલ શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર

વિષય: પ્રજાપિતા બ્રહ્માકુમારી ઇશ્વરીય વિશ્વ વિદ્યાલય તરફથી રક્ષાબંધન પર્વની ઉજવણી કરવા બાબત.
સંદર્ભ: શિક્ષણ વિભાગના પત્રાંક: પરચ-૧૨૨૦૧૮-૬૧૩-વ.૨ તા.૩૧/૦૭/૨૦૧૮

આત્મિય બંધુ,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે સાદર જણાવવાનું કે, ભારતની પાવનતમ ભૂમિ પર પુનઃ સ્વર્ણિમ યુગની સ્થાપના કરવા સ્વયં પરમપિતા શિવ પરમાત્મા દ્વારા ૧૯૩૬માં સ્થપાયેલ પ્રજપિતા બ્રમાકુમારી ઇશ્વરીય વિશ્વ વિધ્યાલયના ભારત સહિત વિશ્વના ૧૪૦ દેશોમાં કાર્યરત ૮,૫૦૦ જેટલાં સેવાકેન્દ્રો સ્વપરિવર્તનથી વિશ્વ પરિવર્તન માટે કટિબધ્ધ છે. સંસ્થા સંયુક્ત રાષ્ટ્ર સંઘ સાથે બીનસરકારી સંસ્થા તરીકે જોડાયેલ છે તથા આર્થિક અને સામાજિક પરિષદ(ECOSOC) અને યુનિસેફ (UNICEF)ના સલાહકારનું પદ ધરાવે છે. સંસ્થાની વૈશ્વિક કામગીરી થકી સંસ્થાને એક આંતરરાષ્ટ્રીય અને પાંચ રાષ્ટ્રીય સ્તરના શાંતિદૂત પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવેલ છે.

[illegible] જનતામાં રહેલા દિવ્ય ગુણો શાંતિ, સુખ, આનંદ જેવા મૂલ્યોને ઉજાગર કરી સુખ-શાંતિમય, ચારિત્ર્યવાન અને મૂલ્યવાન જીવન બને તે માટે વિધ્યાલય સરકારી-બિનસરકારી કચેરીઓ, હોસ્પિટલો, શાળાઓ, જેલો, વિભિન્ન સામાજિક સંસ્થાઓમાં વ્યક્તિગત સંપર્કથી વર્કશોપ સેમીનાર દ્વારા તથા પવિત્ર રાખડી બાંધી સંકલ્પ પત્રો ભરાવવાની નિસ્વાર્થ અને નિ:શુલ્ક ઇશ્વરીય સેવા કરી રહેલ્લ છે.

વિધ્યાલય છેલ્લા ૩૯ વર્ષથી ગુજરાતની તમામ પોલીસ શાળાઓ અને કોલેજોમાં વિધ્યાર્થી બંધુઓ તથા શિક્ષક ભાઈ બહેનોને રક્ષાબંધન કરી જીવનમાં સદભાવના, સ્વપરિવર્તનથી વિશ્વ પરિવર્તન જેવા સદગુણોની ધારણા માટે દ્રઢ પ્રતિજ્ઞા કરાવવામાં આવે છે. જેના ફલસ્વરૂપે વિધ્યાર્થી બંધુઓ ગુણવાન, ચારિત્ર્યવાન અને નૈતિક મૂલ્યવાન બની સમય,શક્તિ અને સંપતિની બચત કરે છે. રાષ્ટ્રને મદદ રૂપ બને છે.

તો દરેક વર્ષની જેમ આ વર્ષે પણ ગુજરાત રાજ્યના બ્રહ્માકુમારી વિધ્યાલયના સ્થાનિક સેવાકેન્દ્ર દ્વારા સમગ્ર ગુજરાતની શાળાઓ અને કોલેજોમાં સર્વને રક્ષાબંધન કરવા માટે જરૂરી સુચનાઓ અને પરિપત્રો સવેળા બહાર પાડી ઇશ્વરીય સેવામાં સહભાગી થવા વિનંતિ છે. સરકારશ્રી તરફથી ગત વર્ષે બહાર પાડવામાં આવેલ સુચનાની નકલ આ સાથે સામેલ છે.

આભાર સહ.

SCE(dv)

ઇશ્વરીય સેવામાં,
(signature)
(બી.કે.કૈલાશ)
સંચાલિકા,બ્રહ્માકુમારીઝ ગાંધીનગર

બીડાણ: ઉપર મુજબ

(PSE)
See / ED
JS (v-2)
ડેપ્યુટી સેક્શન
જ્ઞ/ન/વ.૨
17/07/2019

Scanned with CamScanner
Scanned by CamScanner